# State Visit of President of India to Jamaica and St. Vincent & Grenadines (May 15-21, 2022)

## ભારતના રાષ્ટ્રપતિની જમૈકા અને સેન્ટ વિન્સેન્ટ તથા ગ્રેનેડાઈન્સની રાજકીય મુલાકાત (મે 15 થી 21, 2022)

મે 07, 2022

ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રી રામ નાથ કોવિંદ, 15 થી 21 મે 2022 સુધી જમૈકા અને સેન્ટ વિન્સેન્ટ એન્ડ ગ્રેનેડાઈન્સ (SVG) ની દેશના રાષ્ટ્રપતિ દરજ્જે મુલાકાત લેશે. આ કોઈ ભારતીય રાષ્ટ્રપતિની આ દેશોની પ્રથમ મુલાકાત હશે.

રાષ્ટ્રપતિ 15 - 18 મે 2022 સુધી જમૈકામાં હશે. આ મુલાકાત દરમિયાન, તેઓ તેમના સમકક્ષ, જમૈકાના ગવર્નર જનરલ, પરમ આદરણીય સર પેટ્રિક એલન સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરશે. તેઓ વડાપ્રધાન, પરમ આદરણીય એન્ડ્રુ હોલનેસ અને અન્ય મહાનુભાવોને પણ મળશે. તેઓ જમૈકા સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે.

જમૈકા અને ભારતના મૈત્રીપૂર્ણ સંબંધો છે. જમૈકા એ 70,000 મજબૂત ભારતીય મૂળ ધરાવતા ગિરમિટીયા દેશોમાંનું એક છે, જેઓ ભારત સાથે જીવંત સેતુ તરીકે કામ કરે છે. 2022 એ ભારત અને જમૈકા વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 60મી વર્ષગાંઠ હોવાથી આ મુલાકાત એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. વધુમાં, ભારત અને જમૈકા અનુક્રમે તેમની સ્વતંત્રતાની 75મી અને 60મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છે.

રાષ્ટ્રપતિ 18 થી 21 મે 2022 સુધી સેન્ટ વિન્સેન્ટ એન્ડ ગ્રેનેડાઈન્સ (SVG)ની પણ રાષ્ટ્રપતિ દરજ્જે મુલાકાત લેશે. મુલાકાત દરમિયાન, તેઓ તેમના સમકક્ષ મહામાન્યા કુ. સુસાન ડૌગન, ગવર્નર જનરલ સાથે ચર્ચા કરશે.. તેઓ ડૉ. રાલ્ફ ઈ. ગોન્સાલ્વીસ, વડાપ્રધાન તેમજ અન્ય મહાનુભાવોને પણ મળશે. તેઓ સેન્ટ વિન્સેન્ટ એન્ડ ગ્રેનેડાઈન્સ (SVG)ની હાઉસ ઓફ એસેમ્બલીને સંબોધશે.

SVG ભારતનું એક મહત્ત્વપૂર્ણ ભાગીદાર છે. ભારત અને SVG બંને 2021 માં UNSC ના અસ્થાયી સભ્યો હતા અને આ સમયગાળા દરમિયાન સારો પારસ્પરિક સહકાર સાધ્યો હતો.

જમૈકા અને SVG કેરેબિયન કોમ્યુનિટી (CARICOM) માં સક્રિય સભ્યો છે. આ દેશોની પ્રથમવાર રાષ્ટ્રના વડાની મુલાકાત એ કેરેબિયન ક્ષેત્રના દેશો સાથે ભારતના ઉચ્ચ સ્તરીય જોડાણનું સાતત્ય છે અને નાના દ્વીપના વિકાસશીલ દેશો સાથે કામ કરવાની આપણી અવરોધરહિત કે અટક્યાં વિનાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

નવી દિલ્હી
07 મે, 2022

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.